RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 281* Date: 31 .07.2023, Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અંતરિક્ષની દુનિયામાં ભારતની નવી સફળતા, ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો લોન્ચ કર્યા



શ્રીહરિકોટા,તા.૩૦

મિશન ચંદ્રયાન-૩ બાદ અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી છે. ભારતની આ સફળતાના દુનિયાભરમાં વખાણ થઈ રહ્યાં છે. અંતરિક્ષ ક્ષેત્રે સંશોધન કરતા ભારતીય સંસ્થાન ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડીને સ્પેસ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે એક નવી ઉંચાઈ હાંસલ કરી લીધી છે. દુનિયાભરના દેશોની નજર હાલ ભારત પર છે.

ઈસરોએ પોતાની સફળતાના ગૌરવને આગળ વધારતા અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. ઈસરોએ એક સાથે ૭ ઉપગ્રહો અવકાશમાં છોડ્યા છે. આ તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે. ઈસરોએટલે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા દિવસેને દિવસે સફળતાના નવા આયામો લખી રહી છે. દરેક દિવસ નવી સફળતાને સ્પર્શે છે. મંગળથી લઈને ચંદ્ર સુધી દરેક જગ્યાએ ઈસરોના પગના નિશાન છે અને આજે ઈસરોએ વધુ એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

ઈસરોએ સફળતાના ગૌરવને આગળ વધારીને અવકાશની દુનિયામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે અને આ સફળતા છે એક સાથે ૭ ઉપગ્રહોને અવકાશમાં છોડવાની. તમામ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવ્યા હતા. સિંગાપોરથી સાત ઉપગ્રહોના સફળ પ્રક્ષેપણ સાથે, ઈસરોએ આ વર્ષે તેનું ત્રીજું વ્યાવસાયિક પ્રક્ષેપણ પૂર્ણ કર્યું છે. ઈસરોએ ૧૯૯૯થી અત્યાર સુધીમાં ૩૬ દેશોમાંથી ૪૩૧ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે. આ પહેલા ઈસરોએ બે સફળ કોમર્શિયલ લોન્ચિંગ કર્યું છે. આ વર્ષે માર્ચમાં ન્ફસ્૩ રોકેટના ૩૬ સેટેલાઇટ લોન્ચ કરવામાં આવ્યા હતા. એપ્રિલમાં પીએસએલવી રોકેટ દ્વારા સિંગાપોરના બે સેટેલાઇટ લોન્ચ કરવામાં આવ્યા હતા. જે ટેલીઓસ -૨ અને લ્યુમીલાઇટ-૪ની પરિક્રમા કરે છે.

ઙ્જી-જીછ્ઇ ઉપગ્રહને સિંગાપોરની ડિફેન્સ સાયન્સ એન્ડ ટેક્નોલોજી એજન્સી (ઙ્જીછ્) અને સિંગાપોરની જી્ એન્જિનિયરિંગ વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. ઉપગ્રહનો ઉપયોગ સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓની સેટેલાઇટ ઈમેજની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કરવામાં આવશે.

એસટી એન્જિનિયરિંગ તેનો ઉપયોગ તેના વ્યાપારી ગ્રાહકોને મલ્ટિ-મોડલ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી ઈમેજિંગ અને જીયો સ્ટેશનરી સેવાઓ પ્રદાન કરવા માટે કરશે. ડીએસ એસએઆર 'ઇઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ' દ્વારા વિકસિત 'સિન્થેટિક એપરચર રડાર' પેલોડ છે. તેની મદદથી, ડીએસએઆર હવામાનની દરેક પરિસ્થિતિઓ, દિવસ અને રાતમાં એક-મીટર-રિઝોલ્યુશન ઈમેજ લેવામાં સક્ષમ છે.ઈસરોએ પીએસએલવી સી ૫૬ રોકેટની મદદથી રડાર મેપિંગ સેટેલાઈટ ડીએસ એસએઆર અને ૬ અન્ય ઉપગ્રહોને અવકાશમાં છોડ્યા છે.ઈસરો અનુસાર, ડીએસ એસએઆર ઉપગ્રહ ૩૬૦ કેજી વજનનો ડીએસટીએ અને એસટી એન્જિનિયરિંગ, સિંગાપોર વચ્ચેની ભાગીદારી હેઠળ વિકસાવવામાં આવ્યો છે. લોન્ચ કર્યા પછી, આ ઉપગ્રહોની મદદથી, સિંગાપોર સરકારની વિવિધ એજન્સીઓ તેમના મિશન પૂર્ણ કરશે.ઈસરોએ તેના ૫૮મા સૌથી વિશ્વસનીય રોકેટ પીએસએલવીથી સિંગાપોર સેટેલાઈટ લોન્ચ કર્યો છે. ચાલો હવે તમને જણાવીએ કે ઈસરો તેના પીએસએલવી પર આટલો ભરોસો કેમ કરે છે અને તેની વિશેષતા શું છે?

પીએસએલવીને પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ કહેવામાં આવે છે. ઈસરોએ જ તેને તૈયાર કર્યું છે. પીએસએલવીમાં લિક્વિડ રોકેટ એન્જિનનો ઉપયોગ થાય છે. તે ૧૯૯૪ માં પ્રથમ વખત સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. ભારતનું સૌથી વિશ્વસનીય વર્કહોર્સ લોન્ચ વ્હીકલ. ચંદ્રયાન-૧ ૨૦૦૮માં પીએસએલવીની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું. માર્સ ઓર્બિટર સ્પેસક્રાફ્ટ પીએસએલવીથી મંગળ પર મોકલવામાં આવ્યું હતું. પૃથ્વીની તસવીરો લેતો ઉપગ્રહ પીએસએલવીથી મોકલવામાં આવે છે. પીએસએલવી એસએસપીઓને ૧૭૫૦ કિલોગ્રામ વજનના ઉપગ્રહ મોકલી શકે છે.

ત્રીજા કોમર્શિયલ મિશન બાદ હવે બધાની નજર ઈસરોના સૂર્ય મિશન પર છે. ઈસરો ઓગસ્ટના અંતમાં સૌર વાતાવરણનો અભ્યાસ કરવા પીએસએલવી રોકેટ પર તેના કોરોનોગ્રાફી ઉપગ્રહ આદિત્ય એલ ૧ને મોકલશે. પરંતુ સૌથી વધુ ચર્ચા ઈસરોના ચંદ્રયાન-૩ મિશનની છે અને બધા ચંદ્ર પર તેના સફળ ઉતરાણની રાહ જોઈ રહ્યા છે. જેની સાથે ઈસરો સ્પેસ વર્લ્ડનો નવો બોસ બનશે

## ગોવા એરપોર્ટ પર બોમ્બ બ્લાસ્ટનો કોલ આવ્યો, હંગામો મચી ગયો

પણજી,તા.૩૦

ગોવા એરપોર્ટ પર બોમ્બ બ્લાસ્ટની જાણકારી એક યુવકે આપી હતી, જે બાદ હોબાળો મચી ગયો હતો. ઉતાવળમાં પોલીસે સીઆઈએસએફને જાણ કરી, ત્યારબાદ આખા એરપોર્ટની શોધખોળ કરવામાં આવી, પરંતુ સુરક્ષા એજન્સીઓને કંઈ મળ્યું નહીં. આ પછી ફોન કરનારને ટ્રેસ કરવામાં આવ્યો અને જાણવા મળ્યું કે તેણે નશામાં આવીને નકલી માહિતી આપી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.મળતી માહિતી મુજબ શનિવારે સાંજે ૪.૪૫ કલાકે પોલીસને ફોન આવ્યો હતો. ફોન કરનારે ૧૧૨ નંબર પર ફોન કર્યો હતો. તેણે કહ્યું કે એરપોર્ટ પર બોમ્બ બ્લાસ્ટ થઈ શકે છે. જોકે તેણે એ નથી જણાવ્યું કે એરપોર્ટ પર વિસ્ફોટ કઈ જગ્યાએ થઈ શકે છે. કોલ મળતાની સાથે જ ગોવા પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ. તેણે તરત જ સીઆઈએસએફને જાણ કરી, ત્યારબાદ બંનેએ મળીને એરપોર્ટ પર સુરક્ષાના તમામ પગલાં લીધા. દરેક જગ્યાએ તપાસ કરી, પરંતુ તેઓને કંઈ મળ્યું નહીં.

આ પછી મોપા પોલીસ સ્ટેશનની ટીમને ફોન કરનારને ટ્રેસ કરવાની સૂચના આપવામાં આવી હતી. આ ટીમનું નેતૃત્વ પોલીસ ઈન્સ્પેક્ટર નિનાદ કરી રહ્યા હતા. થોડીવાર પછી ખબર પડી કે આ કોલ ક્યાંથી આવ્યો હતો અને ફોન કરવાનો હેતુ શું હતો. પોલીસને ખબર પડી કે ફોન કરનાર બિહારનો રહેવાસી છે અને તે મનોહર એરપોર્ટ પર આસિસ્ટન્ટ તરીકે કામ કરે છે. તેનું નામ કુંદન કુમાર છે અને ઉંમર ૨૨ વર્ષ છે. પોલીસે આરોપીની પૂછપરછ કરી હતી.

તેણે પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું કે તે ફેક કોલ હતો. તે નશાની હાલતમાં હતો. ગોવા પોલીસે આરોપીનું તબીબી પરીક્ષણ કરાવ્યું છે અને મોપા પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.

## મુશળધાર વરસાદથી કેટલાય વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ, રાજસ્થાનમાં જનજીવન થયું બેહાલ

જયપુર,તા.૩૦

રાજસ્થાનમાં અવિરત વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સાથે જ તેની સકારાત્મક અસર પણ ઘણા વિસ્તારોમાં જોવા મળી રહી છે. જયપુર ગ્રામીણ, સવાઈ માધોપુર, બિકાનેર અને અજમેર સહિત જયપુરમાં સતત વરસાદને કારણે પાણી ભરાવાને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કરૌલી અને ઝુંઝુનુ સહિત અન્ય જિલ્લાઓમાં સતત ગરમી અને ભેજથી રાહત મળતા ખેડૂતો ખરીફમાં બમ્પર પાકની અપેક્ષા



રાખી રહ્યા છે.રાજસ્થાનમાં વરસાદને કારણે ડેમ અને નદીઓના જળસ્તરમાં વધારો થવાને કારણે અનેક નગરો અને શહેરોની અંદર પાણી ઘૂસી ગયા છે. શેરીઓ અને રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે ઘરો અને દુકાનોમાં પાણી ભરાઈ ગયા છે. લોકો રોજીરોટી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. લોકોને ઘર છોડીને સલામત સ્થળે જવાની ફરજ પડી રહી છે. હવામાન વિભાગે આજે રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતા યલો એલર્ટ જાહેર કર્યું છે.

અજમેર જિલ્લામાં મુશળધાર વરસાદને કારણે શનિવારે શહેરના મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જવાથી વાહનવ્યવહાર ખોરવાઈ રહ્યો છે. લોકો ઘરની બહાર નીકળી શકતા નથી. પાણીના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી જવાના આરે આવી ગયા છે. સતત વરસાદને કારણે ઘરોમાં ભારે ભીનાશ જોવા મળી રહી છે. થોડા દિવસો પહેલા ભીનાશને કારણે ત્રણથી ચાર મકાનો ધરાશાયી થતાં આસપાસના મકાનો ખાલી કરાવવામાં આવ્યા હતા. પ્રશાસને એલર્ટ જાહેર કરીને લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.

બીકાનેર શહેર અને નોખા શહેરમાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે. ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં અનેક લોકોની રોજગારી ઠપ થઈ ગઈ છે. શહેરમાં પાણી ભરાવાના કારણે શહેરના માર્ગો તળાવ બની ગયા છે અને વાહનવ્યવહારના માર્ગો બ્લોક થઈ ગયા છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહેલા બચાવ પ્રયાસો અપૂરતા સાબિત થઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્થિતિ કફોડી બની છે. નોખાના રોડા ગામમાં આવેલ પ્રાચીન ભોંયરામાં પાણી ભરાવાના કારણે ધરાશાયી થઈ ગયું છે. ગામ તરફ જતો મુખ્ય માર્ગ સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો છે.સવાઈ માધોપુર જિલ્લાના ગંગાપુર શહેરમાં અવિરત વરસાદને કારણે આખું શહેર પાણીમાં ડૂબી ગયું છે. લોકોની અવરજવર લગભગ સંપૂર્ણપણે થંભી ગઈ છે. ઘરો અને દુકાનોમાં પાણી ભરાવાને કારણે શહેરની બજારો બંધ જોવા મળી રહી છે. બીજી તરફ જયપુર ગ્રામ્યના અનેક શહેરોમાં ભારે વરસાદથી ઠંડક વધી છે. બસ્સી વિસ્તારના કનોટા ડેમમાં સતત વધી રહેલા જળસ્તરને કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ડૂબી જવાની ભીતિ સેવાઈ રહી છે.

## મહાત્મા ગાંધી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરવાના મામલે સંભાજી ભીડે વિરૂદ્ધ કેસ દાખલ, પૂર્વ મુખ્યમંત્રીએ ધરપકડની માંગ કરી

મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં પોલીસે દક્ષિણપંથી કાર્યકર્તા સંભાજી ભીડે વિરુદ્ધ મહાત્મા ગાંધી વિશેની કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને કેસ નોંધ્યો છે. રાજાપેઠ પોલીસે ભીડે વિરુદ્ધ ધર્મ, જાતિ, જન્મસ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવી અને સંવાદિતાને હાનિકારક કૃત્યો કરવા હેઠળ કેસ નોંધ્યો છે. કોંગ્રેસે શ્રી શિવ પ્રતિષ્ઠાન હિન્દુસ્તાન સંગઠનના સંસ્થાપક ભીડે પર ગુરુવારે અમરાવતી જિલ્લામાં એક કાર્યક્રમ દરમિયાન પોતાના ભાષણમાં રાષ્ટ્રપિતા વિશે વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો છે.વિદર્ભની મુલાકાતે આવેલા ભીડેએ અમરાવતીના બડનેરા રોડ વિસ્તારમાં આવેલા ભારત મંગલ હોલમાં એક સભાને સંબોધિત કરી હતી. આ પહેલા કોંગ્રેસના પ્રદેશ સચિવ નંદકિશોર કુયતેએ રાજાપેઠ પોલીસ સ્ટેશનમાં ભીડે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી અને તેમની સામે કેસ નોંધવાની માંગ કરી હતી. શુક્રવારે મહારાષ્ટ્ર કોંગ્રેસ લેજિસ્લેચર પાર્ટીના નેતા બાલાસાહેબ થોરાટે ભીડેના નિવેદનને શરમજનક ગણાવ્યું હતું અને તેમની સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.તેમણે કહ્યું ''સંભાજી ભીડે વિકૃત માનસિકતા ધરાવે છે. રાષ્ટ્રપિતા વિશેની તેમની ટિપ્પણીઓએ દેશને પરેશાન કરી દીધો છે. તેઓ વારંવાર વિવાદાસ્પદ ટિપ્પણી કરે છે અને રાજકીય હિત માટે તેમને કોણ સમર્થન આપી રહ્યું છે તે શોધવાની જરૂર છે. ''અમે કડક કાર્યવાહી ઈચ્છીએ છીએ. કોઈનું નામ લીધા વિના, તેમણે દાવો કર્યો કે એક મશીનરી પ્રગતિશીલ વિચારધારાને નષ્ટ કરવા માટે કામ કરી રહી છે.

થોરાટના સહયોગી અને પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણે ભીડેની ધરપકડની માંગ કરી હતી. ચવ્હાણે વિધાનસભાને કહ્યું કે ''જો આવી વ્યક્તિ મહાત્મા ગાંધી વિશે બદનક્ષીભર્યા નિવેદનો કરે છે, તો તેને રાજ્યમાં (મુક્તપણે) ફરવાનો કોઈ અધિકાર નથી,''ભૂતકાળમાં પણ ભીડે તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓને કારણે ચર્ચામાં આવી ચૂક્યા છે.

## રેપ કેસમાં ડીએનએ ટેસ્ટ નિર્ણાયક પુરાવો નહીં, પીડિતાની જુબાની જ પૂરતી છે- કોર્ટનો ચુકાદો, આરોપીઓને ૨૦ વર્ષની સજા

મુંબઈ,તા.૩૦

બળાત્કારના કેસમાં ડીએનએ ટેસ્ટને નિર્ણાયક પુરાવા ન કહી શકાય અને તેનો ઉપયોગ માત્ર પુષ્ટિ પુરાવા તરીકે જ થઈ શકે છે, એમ મુંબઈની એક અદાલતે જણાવ્યું છે. ૧૬ વર્ષની બાળકી પર બળાત્કાર કરવાના આરોપમાં પોકસોની વિશેષ અદાલતે બે શખ્સોને ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.જોકે, ડીએનએ ટેસ્ટમાં બાળકીના ગર્ભમાં રહેલા બાયોલોજિકલ ફાધર તરીકે બંનેની પુષ્ટિને નકારી કાઢવામાં આવી છે.

પોક્સો કોર્ટના વિશેષ જસ્ટીસ સીમા સી જાધવે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે, ×જોકે ડીએનએ ટેસ્ટે આરોપીને પીડિતાના બાળકના બાયોલોજિકલ ફાધર બનવાથી બાકાત રાખ્યો છે, પરંતુ તે આપમેળે અનુમાન કરી શકાતું નથી કે તેઓએ તેના પર જાતીય હુમલો કર્યો નથી.

તંત્રી લેખ......

# ગુજરાતમાં ઈ- ટૂ વ્હીલરના રજિસ્ટ્રેશનમાં બે મહિનામાં ૫૮.૨૩ ટકાનો ઘટાડો

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ માટે નાગરિકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. આ પહેલા કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક વાહનો માટે સબસિડીની પણ જાહેરાત કરી હતી. જો કે ૧ જૂન ૨૦૨૩થી ઈલેક્ટ્રિક ટૂ વ્હીલર પરની સબસિડી ઘટાડી દીધી છે. જેના પગલે ગુજરાતમાં બે જ મહિનામાં ઈલેક્ટ્રિક ટૂ વ્હીલરનું પ્રમાણ ૫૮.૨૩ ટકા ઘટી ગયુ છે. લોકસભામાં આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ૧ જૂન, ૨૦૨૩ના રોજ અથવા તે પછી નોંધાયેલા ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સને લાગુ પડતી હ્લછસ્ઈ- (ફાસ્ટર એડોપ્શન ઓફ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રિક વ્હીકલ ઈન ઈન્ડિયા) યોજના હેઠળ આપવામાં આવતી સબસિડીમાં ઘટાડો કર્યો છે. ઈ-ટૂ વ્હીલરની સબસીડીમાં ઘટાડા અંગે ભારે ઉદ્યોગ મંત્રાલયે ફેરફાર અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતુ. જે અંતર્ગત ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માટે ડિમાન્ડ ઈન્સેન્ટિવ તરીકે આપવામાં આવતી સબસિડી ૧૫૦૦૦ રૂપિયા પ્રતિ કિલોવોટ કલાકથી ઘટાડીને ૧૦૦૦૦ રૂપિયા પ્રતિ કિલોવોટ કલાક કરવામાં આવી હતી. ત્યારે ઈલેક્ટ્રીક ટૂ વ્હીલરમાં અપાતી સબસીડીમાં કરેલા ઘટાડાની સીધી અસર જૂન મહિનામાં ઈલેકટ્રીક ટૂ વ્હીલરની ખરીદી પર સ્પષ્ટ દેખાઈ. લોકસભામાં રજૂ કરાયેલા આંકડા અનુસાર ગુજરાતમાં છેલ્લા બે મહિનામાં ઈલેક્ટ્રિક વ્હીકલના રજિસ્ટ્રેશનમાં ૫૮.૨૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. એટલે કે મે મહિનામાં થયેલી ૯૬૨૪ ઈલેકટ્રીક ટૂ વ્હીલરની નોંધણી સામે જૂન મહિનામાં માત્ર ૪૦૧૯ ઈલેકટ્રીક ટૂ વ્હીલરની નોંધણી થઈ છે. મહત્વનું છે કે થોડા મહિનાઓ પહેલા જ કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માટેની પ્રોત્સાહન મર્યાદા એક્સ-ફેક્ટરી કિંમતના ૪૦ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરી છે. સબસિડી ઘટાડવાનો બોજ સીધો ગ્રાહકના ખિસ્સા પર જોવા મળી શકે છે.એક અંદાજ મુજબ ટુ વ્હીલરની કિંમત ૨૫-૩૫ હજાર રૂપિયા મોંઘી થઈ શકે છે.

### ગણપતિ ઉત્સવ પર મુસાફરોને રેલ્વેની ખાસ ભેટ

# ભારતીય રેલ્વે મહારાષ્ટ્રમાં મુંબઈ અને કુડાલ વચ્ચે ૩૦૦ ગણપતિ વિશેષ ટ્રેનો ચલાવશે



મહારાષ્ટ્ર,તા.૩૦

મહારાષ્ટ્રમાં દર વર્ષે ગણેશ ચતુર્થીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થીની તૈયારીઓ તહેવારના મહિનાઓ પહેલાથી શરૂ થઈ જાય છે. દર વર્ષે લાખો લોકો મુંબઈથી પોતપોતાના ગામોમાં જાય છે. આવી સ્થિતિમાં, દર વર્ષે મુસાફરો માટે રેલ્વે મુસાફરી માટે ટિકિટ મેળવવી ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવે દ્વારા મુંબઈ-કુડાલ વચ્ચે ૧૮ વધારાની અનરિઝર્વ્ડ ગણપતિ વિશેષ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૦૨૩ દરમિયાન, મુસાફરોના વધારાના ધસારાને દૂર કરવા માટે ૧૮ વધારાની બિનઆરક્ષિત ગણપતિ વિશેષ ટ્રેનો મુંબઈ અને કુડાલ વચ્ચે ચલાવવાની છે. અગાઉ મુંબઈ ડિવિઝન/ઝઈએ સપ્ટેમ્બર ૨૦૨૩ના ગણપતિ ઉત્સવ માટે ૨૦૮ વિશેષ ટ્રેન સેવાઓની જાહેરાત કરી હતી. તે જ સમયે, ગણપતિ ઉત્સવને ધ્યાનમાં રાખીને, ૪૦ વિશેષ ટ્રેન સેવાઓમાં વધારો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ હવે આ વર્ષે કુલ ૨૬૬ ટ્રેનો દોડાવવામાં આવશે.

મુંબઈ-કુડાલ ગણપતિ વિશેષ ટ્રેન સેવા વિષે જાણો..

ટ્રેન નંબર ૦૧૧૮૫ સ્પેશિયલ ૧૩ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર સુધી સોમવાર, બુધવાર અને શનિવારે ૦૦.૪૫ કલાકે લોકમાન્ય તિલક ટર્મિનસથી ઉપડશે અને તે જ દિવસે ૧૧.૩૦ કલાકે કુડાલ પહોંચશે. ટ્રેન નંબર ૦૧૧૮૬ સ્પેશિયલ ૧૩ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર સુધી મંગળવાર, ગુરુવાર અને રવિવારના રોજ ૧૨.૧૦ કલાકે કુડાલથી ઉપડશે અને બીજા દિવસે ૦૦.૩૫ કલાકે લોકમાન્ય તિલક ટર્મિનસ પહોંચશે. આ વિશેષ ટ્રેન થાણે, પનવેલ, રોહા, મંગોન, ખેડ, ચિપલુણ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, અદાવલી, વિલાવડે, રાજપુર રોડ, વૈભવવાડી રોડ, કનકવલી અને સિંધુદુર્ગ ખાતે ઉભી રહેશે.

આ સાથે જ પશ્ચિમ રેલવે દ્વારા ગણપતિ ઉત્સવ માટે સ્પેશિયલ ટ્રેનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી લોકોની ભીડ ઓછી થઈ શકે. સ્પેશિયલ ટ્રેનની સાથે ખાસ ભાડું પણ રાખવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવેએ ખાસ કરીને ગણપતિ ઉત્સવ માટે ૪૦ વિશેષ ટ્રેન સેવાઓની જાહેરાત કરી છે. આ વિશેષ ટ્રેનો મુંબઈ સેન્ટ્રલ અને સાવંતવાડી વચ્ચે દોડશે. આ ટ્રેન ૧૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી મુંબઈ સેન્ટ્રલથી ઉપડતી અને ૧૫ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી સાવંતવાડીથી ઉપડતી રહેશે. દરેક દિશામાં ૧૫ સેવાઓ ચલાવવામાં આવશે અને ટ્રેનોમાં ૨૪ કોચ હશે. આ ટ્રેનનો રૂટ વસઈ-પનવેલ-રોહા થઈને પસાર થશે. મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે ઉધના અને મડગાંવ વચ્ચે છ સાપ્તાહિક ગણપતિ વિશેષ ટ્રેનો ચલાવશે. આ ટ્રેન ૧૫ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર સુધી દર શુક્રવારે ઉધના અને ૧૬ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી દર શનિવારે મડગાંવથી ઉપડશે. દરેક દિશામાં ત્રણ સેવાઓ સાથે, આ ટ્રેનમાં ૨૨ કોચ હશે અને તે વસઈ-પનવેલ-રોહા રૂટ પર પણ દોડશે.

### દુઃખના ત્રણ કારણ.....

# ફેશન, વ્યસન અને અનુકરણ....

ફેશન, વ્યસન અને અનુકરણના કારણે આજે લોકોના ટેન્શન વધી રહ્યા છે. સતત ટેન્શનમાં જીવનારા લોકો અકાળે વૃદ્ધત્વને પામે છે. સતત ટેન્શનમાં જીવનારા ધર્મ પણ કરી શકતા નથી.

ફેશન, વ્યસન અને અનુકરણમાં કેટલા બધા ફાલતુ ખર્ચ વધી ગયા અને પછી પૈસા મેળવવા ગમે તેવા કાર્યો (પાપો) જીવ કરતા તૈયાર થઈ જાય છે.

ફેશન :- ઘરની સજાવટ તો લેટેસ્ટ ફેશનની, કપડા ફેશનેબલ, હેર ડ્રેસિંગ તો અલ્ટ્રા મોર્ડન, જૂતા ફેશનેબલ, હેન્ડબેગ ફેશનેબલ જાણે કે ફેશનનો રાફડો ન ફાટ્યો હોય.

જ્યાં જુઓ, જેમાં જુઓ, ફેશનના ભપકા, ફેશનની રામાયણ, કારણ, દુનિયાનું આંધળું અનુકરણ, પશ્ચિમના દેશોનું અનુકરણ, ફિલ્મના એક્ટ્રેસ- એક્ટરનું અનુકરણ, આવા આંધળા અનુકરણ કરનારા જીવો પ્રાયઃ સુખનો અનુભવ કરી શકતા નથી.

વ્યસનઃ- આ માત્ર સાડા ત્રણ અક્ષરોમાં એટલી શક્તિ છે કે, માણસના સાડા ત્રણ કરોડ રુઆટામાં એની તલપ, આગ લગાવી દે. જે પણ એના પાશવી પંજામાં સપડાયા એના હિર અને જિંદગીનું નૂર સોસાય ચૂસાઈ જાય છે. રહી જાય જીવતું હાડપિંજર. વ્યસન પ્રારંભ શોખથી કે, કુતુહલથી કે, દેખાદેખીથી, તમાકુ -સિગરેટ થી થાય અને જેનો અંત કલ્પી પણ ન શકાય ત્યાં સુધી લઈ જાય છે. જે અંતે માણસને બરબાદીના ખપ્પરમાં હોમી દે છે.

માટે ફેશન અને વ્યસન મુક્ત બનીએ જેથી આવતીકાલનો સૂર્યોદય એવી શક્તિ લઈને આવશે કે આપણું જીવન-યૌવન રાષ્ટ્રીય કવિ શ્રી મેઘાણીની કલ્પનાનું પ્રતિબિંબ પાડશે કે, ×ઘટમાં ઘોડા થનગને, ને આત્મ વીંજે પાંખ, અણદીઠી એ ભોમ પર યૌવન માંડે આંખ×...

### ગુજરાતમાં ૧થી ૪ ઓગસ્ટ દરમિયાન G20 એમ્પાવર સમિટ યોજાશે

# કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી, શ્રીમતિ સ્મૃતિ ઈરાની G20 એમ્પાવર ડિજીટલ ઈક્લુઝન પ્લેટફોર્મ લૉન્ચ કરશે

ગાંધીનગર

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ભારતે ય-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું ત્યારથી, સમગ્ર દેશમાં વિવિધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ભારતની ય-૨૦ પ્રેસિડેન્સી એક ઐતિહાસિક બાબત પણ છે, કારણ કે તે આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન ઘટિત થઈ રહી છે. ગુજરાતમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, અત્યાર સુધી ય-૨૦ની મહત્વપૂર્ણ બેઠકો ન સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ય૨૦ના પ્રમુખપદ હેઠળ, 'મહિલાની આગેવાની દ્વારા વિકાસ' કેવી રીતે થાય, તે ભારતની પ્રાથમિકતા રહી છે. મહિલા ૨૦ (ઉ૨૦) એન્ગેજમેન્ટ ગ્રુપનો ઉદ્દેશ્ય એક એવી દુનિયા બનાવવાનો છે જ્યાં દરેક મહિલા ગૌરવ સાથે જીવન જીવે અને અન્ય લોકોની સાથે તેના જીવનમાં પણ પરિવર્તન લાવે.




ભારતના ય૨૦ પ્રમુખપદ દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં ગુજરાતની સક્રિય ભાગીદારી રહી છે, જે વૈશ્વિક સહયોગ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વેપાર અને નાણાંથી લઈને પર્યાવરણ, પર્યટન અને શહેરી વિકાસ સુધી, વૈશ્વિક પડકારોનો સામનો કરવા અર્થપૂર્ણ ચર્ચાઓ અને સહયોગને પ્રોત્સાહન આપવામાં ગુજરાત મોખરે રહ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ય૨૦ એમ્પાવર સમિટ ૧થી ૪ ઓગસ્ટ દરમિયાન યોજાશે અને ૨થી ૪ ઓગસ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણ પર ય૨૦ મિનિસ્ટરીયલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ 'વિમેન લેડ ડેવલપમેન્ટ : એન્સ્યોરીંગ અ સ્સટેનેબલ, ઈક્લુઝીવ એન્ડ ઈક્વીટેબલ ગ્લોબલ ઈકોનોમિક ગ્રોથ એન્ડ 'વિમેન-લેડ ઈક્લુઝીવ ડેવલપમેન્ટ એઝ કસ્પ ઓફ ઈન્ટર-જનરેશનલ ટ્રાન્સફોર્મેશન'' છે.

વિશ્વભરમાંથી ૬૦૦ થી વધુ પ્રતિનિધિઓ આ બેઠકોમાં સામેલ થશે. અમુક મહિલા મંત્રી, ભારત અને વિદેશના જાણીતા વકતા, ય૨૦ એમ્પાવર ડેલીગેટ્સ અને વિવિધ વૈશ્વિક સંસ્થાઓના પ્રતિનિધિ આ બેઠકોમાં જોડાશે. ભારતની પ્રેસિડેન્સી હેઠળ એમ્પાવર સમિટ ૩૧મી જુલાઈના રોજ ય૨૦ એમ્પાવરના અધ્યક્ષ ડૉ. સંગીતા રેડ્ડી, હ્લૈંઝઝૈ અને અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝેસ લિ.ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર, અને બોટ ઈન્ડિયા ( મ્ઝ)ના સહ-સ્થાપક અને સીએમઓ, અમન ગુપ્તા સાથે ચર્ચાથી શરૂ થશે. ત્યારબાદ રાત્રિ ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે.

મુખ્ય કાર્યક્રમ પહેલી ઓગસ્ટના રોજ શરૂ થશે, જેમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ તેમજ લઘુમતી બાબતોના મંત્રી શ્રીમતિ સ્મૃતિ ઈરાની અને ય૨૦ શેરપા ય૨૦ એમ્પાવર ડિજીટલ ઈક્લુઝન પ્લેટફોર્મ લૉન્ચ કરશે. ઉદ્‌ઘાટન સમારોહમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવ શ્રી ઈન્દેવર પાંડે; ય૨૦ એમ્પાવરના અધ્યક્ષ ડૉ. સંગીતા રેડ્ડી; યુએન વુમનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, સિમા બાહૌસ તેમજ વિશ્વ બેંકના વાઈસ પ્રેસિડેન્ટ, લક્ષ્મી શ્યામ સુંદર સહિતના વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

વિવિધ વિષયો પર પાંચ-પૅનલ ચર્ચાઓ પણ યોજાશે, જેમાં નીચે મુજબના વિષયો સામેલ છે

૧. લીડીંગ ધ ચેન્જઃ મહિલા નેતૃત્વને પુનઃવ્યાખ્યાયિત કરવું,

૨. મહિલાઓની નાણાકીય સમાનતાને આગળ વધારવા માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ફાયદો લેવો,

૩. ક્લોઝિંગ ધ ગેપઃ એચીવીંગ ટેકવીટી ફોર વિમેન,

૪. શી-પ્રિન્યોર્સઃ મહિલાઓની આગેવાની હેઠળના સાહસોની શક્તિનો ઉપયોગ અને

૫.લીડરશીપ અનપ્લગ્ડઃ પ્રેરણાદાયી નેતાઓ દ્વારા સશક્તિકરણ વાર્તાઓ.

આ સત્રોમાં વિશ્વભરની વિવિધ સંસ્થાઓના વિવિધ મહાનુભાવોની હાજરી જોવા મળશે, જેમાં યુએન વિમેન, જીૈંઢૈં, હ્લૈંઝઝૈ, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન, એચયુએલ, વોકાર્ડ હોસ્પિટલ્સ, ધ ફિમેલ ક્વોશન્ટ, બ્રિક્સ વિમેન બિઝનેસ અલાયન્સ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેયર્સ- ભારત સરકાર, આફ્રિકા કોન્ટિનેન્ટલ ફ્રી ટ્રેડ એરિયા સેક્રેટરિઆટ, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ેંૈંઢછૈં), સુમિતોમો મિતુસી ટ્રસ્ટ બેંક, સેપ લેબ્સ ઈન્ડિયા, ટીસીએસ, માઈક્રોસોફ્ટ ઈન્ડિયા, લિંકડીન ઈન્ડિયા, ન્યાકા ફેશન, ડા મિલાનો, સેફેડ્યુકેટ, ફિકી લેડીઝ ઓર્ગેનાઈઝેશન, બાયોટીક, ગ્રો સપ્લાયર ઝેડએ, બિઝનેસ ઈન ધ કમ્યુનિટી, ભારત હોટેલ્સ લિમિટેડ, કાઈનેટિક ગ્રીન એનર્જી એન્ડ પાવર સોલ્યુશન્સ લિમિટેડ, અમેરિકામાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત, આઈસીઆઈસીઆઈ બેંક, સેલ્સફોર્સ ઈન્ડિયા, અપોલો હોસ્પિટલ્સ અને ટાઈમ્સ નેટવર્કનો સમાવેશ થાય છે.

મહિલા સશક્તિકરણ અંગેની ય૨૦ મિનિસ્ટરીયલ કોન્ફરન્સ ૨ ઓગસ્ટના રોજ કોન્ફરન્સના પ્રથમ દિવસની શરૂઆત એક પ્રદર્શનથી થશે, જેનું ઉદ્‌ઘાટન મહિલા અને બાળ વિકાસ મંત્રી દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ પાંચ મંત્રી સ્તરીય સત્રોમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સત્રો નીચેના વિષયો પર યોજવામાં આવશેઃ

૧. શિક્ષણ, મહિલા સશક્તિકરણ માટે એક પરિવર્તનકારી માર્ગ

૨. મહિલા સશક્તિકરણ માટે ડિજિટલ કૌશલ્ય

૩. શિક્ષણ અને જીઈસ

૪. મહિલાઓ માટે કૌશલ્યની તકો

૫. વિમેન ઈન ઈમર્જીંગ ટેક્નોલોજીસ

૩ ઓગસ્ટના બીજા દિવસે વહેલી સવારે માઈન્ડફુલનેસ ધ્યાન સત્ર યોજાશે. ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન વિવિધ વિષયો પર મંત્રી સ્તરની ચર્ચાઓ થશે; તેમાં વિમેન એન્ડ સ્પેસ, સંસ્કૃતિ અને મહિલા સશક્તિકરણની શક્તિ, ક્લાઈમેટ રેઝીલ્યન્સ એક્શન-ઈમ્પેક્ટ ઓન વિમેન્સ હેલ્થ એન્ડ ફાર્મિંગ, વિમેન એન્ડ ગર્લ્સ એઝ ચેન્જમેકર્સ ઈન ક્લાઈમેટ રેઝીલ્યન્સ એક્શન, ગ્રાસરૂટમાં નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે ભાગીદારી અને મહિલા સાહસિકતા અને એન્ટરપ્રાઈઝ સહિતના વિષયોનો સમાવેશ થાય છે. પ્રતિનિધિઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન પર નિર્માણ કરવામાંઆવેલ દાંડી કુટીર મ્યુઝિયમની મુલાકાત લેશે. સાંસ્કૃતિક કાર્યક્રમ અને ગુજરાતી વાનગીઓથી ભરપૂર રાત્રિ ભોજન દ્વારા તેમને ગુજરાતની સંસ્કૃતિનો પરિચય કરાવવામાં આવશે. મહેમાનોને ગિફ્ટ સિટીની મુલાકાતે પણ લઈ જવામાં આવશે તેમજ તેઓ અમદાવાદ હેરિટેજ વૉકમાં પણ સામેલ થશે. મહાત્મા મંદિર ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં હસ્તાંતરણ સમારોહ સાથે મહિલા સશક્તિકરણ પર ય૨૦ મંત્રી સ્તરીય કાર્યક્રમની આ બેઠક સમાપ્ત થશે.

---

સફળતા વિફળતા બધું જોયું જાશે,
કૂદી પડ પછી જે થવાનું છે થાશે..!!

ઈજા જે થઈ છે,એ કાયમ છે થોડી ?
દિવસ બે દિવસમાં ફરી ઘા રૂઝાશે..!!

છુટી ગ્યા છે રસ્તા હતાં જે જીવનનાં,
ફરી ક્યાંથી પાછું એ રસ્તે જવાશે..?

ન કહેશો હવે કોઈ સુર સાધવાનું,
હવે ફક્ત ગીતો ખુદાનાં ગવાશે..!!

હવે એષણા કોઈ બચતી નથી તો,
ખુમારીથી લથબથ જીવન આ જીવાશે..!!

તમે રાખ સમજી નહિ હાથ નાખો,
ઠરેલી નથી એ હજુ પણ દઝાશે..!!

ખલાસી નથી સાથમાં તો થયું શું?
તરાપો તો છે,જાતથી પણ તરાશે..!!

જે કાયમ છલકતી અહમથી ભરેલી,
એ ગાગર તૂટી છે હવે ના ભરાશે..!!

ડગર પર ભરોસો જતાવી ને ચાલ્યો,
વળાંકો ઉપર ક્યાંક અંતે મળાશે ..!!

---

## રહું છું

જિંદગી આનંદમાં વિતાવતી રહું છું
ખુશી હરપળ પામતી રહું છું.

મહેક મારી ફેલાવતી રહું છું
ના પાનખર, વસંતમાં ખીલતી રહું છું.

મારું સ્મિત મોહક બનાવતી રહું છું
સદા હસતી અને હસાવતી રહું છું.

સમય સાથે કદમ મિલાવી ચાલતી રહું છું.
દુઃખ ભુલાવી, સુખમાં મહાલતી રહું છું.

ભૂલો ભુલાવી ક્ષમા આપતી રહું છું,
સુનિ જિંદગીમાં, પ્રકાશ ફેલાવતી રહું છું.

સુનિતા મહાજન.'સુનિ'

---

મારા મનમાં છો તું, તારા દિલમાં છું હું,
તુજને મળવાની ઈચ્છા થઈ જાય છે.

ડરે છે દુનિયાથી તું, રોજ વાયદા તોડે છે તું,
મનમાં કાયમ નિરાશા વ્યાપી જાય છે.

છૂપાઈને આવે છે તું, દોડીને આવું છું હું,
મુજને જોઈ તુ પવનવેગે દોડી જાય છે.

પ્રેમમાં તડપે છે તું, તરસાવે છે મુજને તું,
વિરહના આંસુ રોજ છલકાઈ જાય છે.

દિલની છે ધડકન તું, શ્વાસોની સરગમ છું હું,
મારા પ્રેમનો સૂર બેસૂરો થઈ જાય છે.

પ્રેમનો રાગ છે તું, "મુરલી" ની તાન છે તું,
છતાં મિલન હમેશા અધૂરૂં રહી જાય છે.

ધનજીભાઈ ગઢીયા "મુરલી".

---

## " ભેગું કરવા દોડવું નથી "

જિંદગી મજાની છે, લડવું નથી,
નાહકનું વિખવાદમાં પડવું નથી.

દુઃખ આપણું ને બીજા ને કહેવા,
ખોટું કોઈની આગળ રડવું નથી.

નસીબમાં હતું તે ભોગવી લીધું,
હવે વધું ભેગું કરવા દોડવું નથી.

હેસિયત મુજબ મળતું હોય છે,
જ્યાં ત્યાં ફાફા મારી નડવું નથી.

દેવા વાળો સૌથી મોટો ઈશ્વર છે,
બીજાને 'શ્યામ' નાક રગડવું નથી.

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No:0038
વિષય .., ભાગ્ય
વિભાગ :- પદ્ય
શીર્ષક :- મોબાઈલ

આ કેવું "ભાગ્ય "આજનું બાળક કહે, મમ્મી ને
તું મને આ મોબાઈલની
જેમ સાથે રાખને ...
મારા કરતાં નસીબદાર છે આ મોબાઈલ
એને તારી પાસે કેવું રહેવા મળે...
ઉઠીને મારા પહેલા તારા હાથમાં આ મોબાઈલને
કેવું રમવા મળે....
વાતો હું કરું મમ્મી તારી સાથે પણ તું વાતો
કરે જાણે મોબાઈલ સાથે.....
રાત્રે તું નથી સુવાડતી મને તારી પાસે
ને આ મોબાઈલને કેવો તારી પાસે રાખે....
ચીસ મારી સાંભળી જેટલું દોડે નહિ તું
એથી વધુ એની ચીસે કેવી દોડી પડે.....
કોણે બનાવ્યો આ મોબાઈલ ન જાણે
મમ્મી ના પ્યારમાં એ ભાગ પડાવે......
?? શીલાપટેલ "આકાંક્ષા"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ç.̈.૨ જી.જી. ç. - ૧૩૦
વિષય - ભાગ્ય
શીર્ષક - ભાગ્ય બળવાન કે પુરુષાર્થ બળવાન?
શબ્દો - ૩૩૩
લેખક - જાનકી સોની

ભાગ્ય એને આપણે નસીબ કહીએ અને કહેવત છે એ પ્રમાણે નસીબ ચાલતાનું ચાલુ રહે, દોડતાનું દોડતું રહે અને સૂતેલાનું સૂતું રહે તો એ જ કહેવત પ્રમાણે આપણે જોવા જઈએ તો દરેક વ્યક્તિએ મહેનત કરવી જ પડે પરંતુ એ છતા પણ આપણે એવું સાંભળતા હોઈએ છીએ કે એ તો જે તે વ્યક્તિના નસીબ સારા છે એટલે જે તે વ્યક્તિને સફળતા મળી પરંતુ શું સફળતા પાછળ ફક્ત નસીબ જ જવાબદાર હોય છે? દુનિયામાં અધિકતમ સફળતા પ્રાપ્ત કરેલા લોકોએ પણ પહેલા નિષ્ફળતાનો સ્વાદ ચાખ્યો જ છે અને સખત મહેનત પછી જ તેમણે અધિકતમ સફળતા પ્રાપ્ત કરી છે. હાલની દરેક મોટી બ્રાન્ડ કે કંપનીઓ શરૂઆતમાં ખૂબ નાના પાયે ચાલુ થઈ હતી અને પછી ધીમે ધીમે તેઓ પોતાની મહેનતના બળ ઉપર સફળતાના શિખર પર જઈને બિરાજે છે.

આપણી આસ-પાસના લોકો પર નજર કરીશું તો ઘણા બધા સફળ વ્યકિતઓ હશે કે જેમણે સફળતા પ્રાપ્ત કરતાં પહેલા અથાગ પરિશ્રમ કર્યો હશે તે છતાં પણ આપણે તેમના માટે એવું સાંભળીશું કે એ તો હવે નસીબના જોરે ચાલે છે બાકી તો આટલો પૈસો તે વ્યક્તિ કમાઈ જ ના શકે? ઘણી વખત ખૂબ મહેનત કર્યા પછી પણ જયારે વ્યક્તિને સફળતા ના મળે તો તેવાં ઘણાં વ્યક્તિઓ પોતાની નિષ્ફળતા માટે પોતાના ભાગ્યને દોષ આપે છે. ઘણી વખત તો પરિવારમાં નાના બાળકનું આગમન થાય અને જોગાનુજોગ તેના પિતાને તેમના વ્યવસાય કે નોકરીમાં સફળતા મળે તો એવું કહેવાય છે કે સંતાનના આગમનથી પિતાને સફળતા મળી. શું પિતાની સફળતા ખાલી સંતાનના આગમનથી જ મળી શકે? શું એ સફળતા પાછળ પિતાની કોઈ જ મહેનત જવાબદાર નહોતી? ઘણી વખત કુટુંબમાં નવી વહુના આગમન પછી જો કશું પણ અઘટિત બને તો તેના માટે પણ વહુનાં નસીબનું કારણ આગળ ધરવામાં આવે છે તો શું ખરેખર આ કેટલું વ્યાજબી છે?

એવું પણ કહેવાય છે કે જેમના ભાગ્યમાં જે લખ્યું હોય તેમને તે મળીને જ રહે છે પરંતુ તેના માટે શું આપણે હાથ પર હાથ રાખીને બેસી રહીશું કે ભાગ્યમાં લખેલું છે એટલે આપણને મળી જ રહેશે? એક લેખક તરીકે હું એટલો અભિપ્રાય આપીશ કે નસીબથી જ જો બધું થઈ જતું હોય તો આજે દુનિયામાં કોઈને પણ નોકરી-વ્યવસાય કરવાની જરૂર જ ના પડે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 106
વિષય-ભાગ્ય
શીર્ષક-પાણીના પરપોટા
શબ્દ-૧૭૫
નામ-મુક્તિદા કુમાર'મનચલી'
------------
જિંદગીના દરિયા કિનારે ઊભા ઊભા જુઓ તો ખરા!
તમે તો દરિયો તરી ગયા,
એ મોજાં હજુ પણ ઊછાળા મારે!.
કદિ આગળ કદિ પાછળ,
કદિ ઊપર કદિ નીચે,
આપણી તો નાવ
જીવનના દરિયે !
તોફાનોની વચ્ચે,
કિનારે પહોંચી,તો
કોઈ કહેશે ''વાહ રે કુદરત'
હુ પૂછીશ કેમ કુદરત?
શું નસીબના કાંઠે બેઠો ?
પાપડ બેલ્યા,કેટલા પાપડ બેલ્યા!
ભાગ્યની પાછળ શું ભાગવું!
જો પાછું વળીને જો .
તારા હાથમાં
મહેનતનાં હલ્લેસાં,
હતાં હિમ્મતનાં હલેસાં.
જિંદગીના દરિયે ગમે તેવા જંજાવાતો સામે,
ભરતી ઑટના ઊછાળા સામે,
જજૂમ્યો હે માનવી!
તું
એકલા હાથે નાવ પાર
કરી ગયો !
હા, હવે કિનારે ઊભો તું, જુવે છે,ભૂતકાળને , ભૂતકાળને માણે !
ભૂતકાળને વાગોળે છે.!.
જરા જોઈતો જો
એક તણખલાંના ઓથે
તે કાંઈ તરાતું હશે?
તારી હિમ્મત,
તારી મહેનત,તારી તાકાત! તને કોણે દીધી?
એક લહિયો મોટો બેઠો!
લખ્યું લખ્યું એણે તારું ભાગ્ય લખ્યું..!
એ ભાગ્યના હાથના સહારે જ તું નાવને જિંદગીના કાંઠે બાંધશ
જંજાવાતોની સામે જજૂમી જીતશ!
તને લાગે,
તારું ભાગ્ય તું ઘડશ?
ભૂલીજા ભૂલીજા,
ઓ! પાણીના પરપોટા!
કરમ કરતો જા
જોતો જા,
મજા માણતો જા.
ઓ,ઓ 'પાણીનાપરપોટા'.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG. SS. NO. 155
વિષય: ભાગ્ય
શીર્ષક : ભાગ્ય એક પાંગળો બચાવ!!!
લેખિકા : સોનલબેન ઈશ્વરભાઈ પઢીયાર " ઝંખના "
જીલ્લો: વડોદરા ( પાદરા)

ભાગ્ય અને કર્મ સિક્કાની બે બાજુ છે જેને નકારી ન શકાય. એક ગરીબ પરિવારમાં જન્મેલો બાળક પોતે ગરીબ હોવાનું ભાગ્ય લઈને જો આખી જિંદગી રડિયા કરે અને પોતાનો પાંગળો બચાવ કર્યા કરે તો એ તેના ભાગ્યનો વાંક નથી તેના ભાગ્ય ને લઈને પોતાનો પાંગળો બચાવ કરવાની વૃત્તિ એનો વાંક છે. ગરીબ પરિવારમાં જન્મવું એ ગુનો નથી પરંતુ આખી જિંદગી ગરીબ હોવાનું ભાગ્યને લઈને ફરિયાદ કરવું અને કર્મ ન કરવું એ ગુનો છે. વ્યક્તિ પોતાની મહેનતથી અને સારા કર્મોથી આગળ આવી શકે છે અને પોતાનું જીવન સુધારી શકે છે માત્ર હું ગરીબ પરિવારમાં જન્મો છું મારી પાસે કશું નથી,પૈસા નથી,શિક્ષણ નથી અને આખી જિંદગી બેસી રહેવું અને ગરીબીનો આધાર લઈ પોતાના ભાગ્યને રડ્યા કરવું એ ક્યાં સુધી યોગ્ય છે. મારા નસીબમાં વિદ્યા છે જ નહીં એવો આંધળો બે બુનિયાદી બચાવ કરવા તમે પરીક્ષામાં લખો નહીં મહેનત કરો નહીં એ ક્યાં સુધી યોગ્ય છે. આપણે જોયું હશે કે અપંગ વ્યક્તિ રસ્તાની બાજુ પર બેસી ભીખ માંગીને ગુજરાન ચલાવતો હોય છે અને અપંગતાનું ભાગ્ય લઈ લોકોની દયાને પાત્ર બનતું હોય છે જ્યારે આપણે એવું પણ જોયું છે કે અમુક અપંગ વ્યક્તિઓ પોતે મહેનત કરીને,મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે એ તો પોતાના ભાગ્યને નથી રડતા આ માત્ર કર્મ ન કરવાનું અને બેસીને ખાવાનું પાંગળો બચાવ છે. ઘણીવાર ખૂબ જ શ્રીમંત કુટુંબમાં જન્મેલા વ્યક્તિઓ પણ થોડા સમય પછી કર્મ ન કરવાને કારણે, મહેનત ન કરવાને કારણે રસ્તા પર આવી જતા હોય છે અને પછી તેઓ પોતાના ભાગ્યને દોષ દેતા હોય છે કે મારા ભાગ્યમાં ગરીબી જ લખી હતી માટે અમે રસ્તા ઉપર આવી ગયા. આ વસ્તુ કેટલા અંશે યોગ્ય કહેવાય?

મૃત્યુના સંજોગોને પણ ભાગ્ય સાથે જોડવામાં આવે છે આ વસ્તુ પણ ઘણા બધા અંશે યોગ્ય નથી જેમ કે એક વ્યક્તિએ એક ગામમાંથી સાપ પકડ્યો અને તે સાપને પોતાની થેલીમાં બાંધીને સાયકલ પર જઈ રહ્યો હતો. રસ્તામાં એને પોતાનો મિત્ર મળે છે અને પૂછે છે કે તું આ સાયકલ પર ક્યાં જઈ રહ્યો છું અને થેલીમાં શું છે? તો તે વ્યક્તિએ કહ્યું કે મેં એક ખૂબ જ ઝેરીલો સાપ પકડ્યો છે અને તું એનાથી દૂર રહેજે. છતાં પણ પોતાની કુબુદ્ધિ ના કારણે તેને પોતાના મિત્રને ખૂબ જ દલીલો કરી અને પોતે સાપને જોવો છો એવો આગ્રહ કર્યો અને સાપ ને જોવા માટે જેવું જ એને થેલી ખોલી એને એ સાપે ડંખી લીધો અને મૃત્યુને પામ્યો, શું આમાં એવું કહી શકાય કે ભાગ્યમાં આ સાપના હાથે જ મરવાનું લખ્યું હતું કે પછી પોતાની કુબુદ્ધિને તમે જવાબદાર ગણશો?

ચોક્કસથી ભાગ્ય હોઈ શકે છે હશે જ પરંતુ એના માટે પોતાના કર્મ અને પોતાની કુબુદ્ધિ અને પોતાની શુંબુદ્ધિ એ બધું જ એટલું જ જવાબદાર છે માટે જ કહી રહી છું કે ભાગ્ય અને કર્મ સિક્કાની બે બાજુ છે એને ક્યારેય નકારી ન શકાય, માટે તમે કર્મ કરતા રહો ભાગ્ય.. પોતાનું કામ કરવાનું જ છે, પરંતુ ભાગ્યને દોષ આપીને નમાયેલા બહાના કાઢીને બેસી રહેવું એ યોગ્ય નથી

# ડિવાઇન ટચ ઇન્ટરનેશનલ સ્કૂલ, પાલનપુરમાંવિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસે 'ગ્રીન ડે સેલિબ્રેશન '




૨૮ જુલાઈના દિવસને સમગ્ર વિશ્વમાં ★'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ'★ તરીકે મનાવવામાં આવે છે. પાલનપુરની ડિવાઈન ટચ સ્કૂલે આ દિવસની ભવ્ય ઉજવણી કરી. પ્રકૃતિ પ્રેમી-શિક્ષણવિદ, દાદાજી શ્રી ગજેન્દ્રકુમાર જોશીના માર્ગદર્શનમાં શાળા સંચાલક શ્રી હાર્દિકભાઈ તથા સમગ્ર શિક્ષક પરિવારે વિદ્યાર્થીઓને આજના પર્યાવરણીય પ્રશ્નોની ગંભીરતા બતાવી તેમનામાં પ્રાકૃતિક સંસાધનોની સુરક્ષા વિશે જાગરૂકતા દૃઢ કરવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો. આ દિવસે જળ, જમીન, જંગલ અને પ્રાણીઓના સંરક્ષણનું મહત્ત્વ સમજાવતા છ કાર્યાન્વિત પ્રોજેક્ટ તથા વિવિધ ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન ભરવામાં આવ્યું. ગ્રીન ડે ઉજવણીના ભાગરૂપે શાળાનાં મોટાભાગનાં વિદ્યાર્થીઓએ સુંદર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી પર્યાવરણ સંબંધી જાગૃતિના સંદેશા વહેતા કર્યા. શહેરના જાણીતા ડોક્ટર શ્રી સુરેન્દ્ર ગુપ્તાએ સભાને સંબોધી આજની ઉજવણીને અનુમોદન આપી રાજીપો વ્યક્ત કર્યો. આ કાર્યક્રમમાં રિટાયર્ડ, આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ શ્રી એ. એન. ઘાસુરા, આર. એફ. ઑ. શ્રી હિતેન્દ્રસિંહ ચાવડા અને શ્રી નારાયણભાઈ બડિયાવદરા, પંજાબ નેશનલ બેંકના મેનેજર શ્રી શ્યામ તોશ્રીવાલ, શ્રી શૈલેષભાઈ પટેલ, જયેશભાઈ ઠક્કર સહિત અનેક આગેવાનોએ હાજરી આપી. જે મહાનુભાવો હાજર ન રહી શક્યા તેમણે અભિનંદન સંદેશા મોકલી શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી. શ્રી ભરતભાઈ પટેલ, રશ્મિનભાઈ મેવાડા, ચિરાગભાઈ રામાવત, દિનેશભાઈ ભૂતાન, નિરંજનગિરિ ગોસ્વામી, ભારતીબહેન, દેવયાનીબહેન, પ્રજ્ઞાબહેન સહિત વિશાળ સંખ્યામાં વાલી ભાઈ બહેનોની પ્રેરક ઉપસ્થિતિ રહી. આ વાલીઓ સાથે મહેમાનો પણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયા. સમગ્ર કાર્યક્રમમાં બાળકોની સહભાગિતા જોવા મળી. લીલાં શાકભાજી અને ફળોનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવ્યું. ઢોલ સાથે પરંપરાગત પોશાકમાં દીકરીઓએ માથે જવારા લઈ સૌનું સ્વાગત કર્યું ત્યાંથી છેલ્લે છેક આભારવિધિ સુધી ગ્રીન, ગ્રીન, ગ્રીનનો હરિયાળો અનુભવ કરતાં સૌ છૂટાં પડ્યાં.

# અનસુયા ગૌધામ દ્વારા નિર્મિત માણાવદરમાં સર્વરોગ નિદાન કેમ્પને ધારાસભ્યએ દીપ પ્રગટાવી કેમ્પને ખુલ્લો મુક્યો



માણાવદરમાં કાર્યરત અનસુયા ગૌધામ અને અનસુયા અન્નક્ષેત્રના હરેશભાઈ શેઠ, વિજયભાઈ શેઠ, હિતેનભાઈ શેઠ, મેઘનાબેન શેઠ અને રાહુલભાઈ શેઠ દ્વારા માણાવદરમાં સ્વ. ડી.સી. શેઠના સ્મરણના અર્થે એક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી તેમજ જેમના નામે ગૌધામ તથા અન્યક્ષેત્ર ચાલી રહ્યું છે તેવા અનસુયાબેન શેઠે દીપ પ્રાગટ્ય કરી આ કેમ્પને ખુલ્લો મુક્યો હતો આ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાંતો ૧૦ જેટલા તબીબોએ પોતાની સેવા આપી હતી.આ કેમ્પમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિર્મળસિંહ ચુડાસમા તથા નગરપાલિકાના પૂર્વ સદસ્ય મેહુલભાઈ માણાવદરિયા ખાસ હાજર રહ્યા હતા. કેમ્પમાં હાડકા, ગળા, નાક, શ્વાસ, દાંત આંખ અને એવા દર્દોના નિદાન કરી મફત દવાઓ આપવામાં આવી હતી. જય અંબે હોસ્પિટલ (ચાંપરડા)ના તબીબોએ આપેલી સેવા બદલ આયોજકોએ તેમનું અભિવાદન કર્યું હતું તેમજ ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.તસવીર જયદીપ બરવાડીયા

અહેવાલ જીગ્નેશ પટેલ માણાવદર

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અંગદાન મહોત્સવનો અમદાવાદ થી પ્રારંભ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે "અંગદાન મહોત્સવ"નો અમદાવાદ થી પ્રારંભ કરાવતા જણાવ્યું કે, કીડીને કણ, હાથીને મણ' ની આપણી સંસ્કૃતિ રહી છે .

એ જ રીતે અંગદાન થકી જરૂરિયાતમંદોને નવજીવન આપવાનો ભાવ પણ આપણામાં રહેલો છે.

જે આપણી સંસ્કૃતિને ઉજાગર કરે છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના ગુજરાત એકમ, ર્જી(જીંટ્ટી 'ક્ષ્નિટ્ટહ ેજજી ટ્ટહદ્ઘ ્ક્ષ્નિહજૅૈટ્ટહં 'ક્ષ્નિટ્ટહેજર્ૈંહ) અને ગુજરાત મીડિયા કલબના સંયુકત ઉપક્રમે અમદાવાદથી અંગદાન મહોત્સવની શરૂઆત થઈ છે.

જેમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ભારતીય ક્રિકેટર જસપ્રિત બુમરાહ પણ ઉપસ્થિત રહ્યા હતા.અંગદાન થી સેવાભાવ પ્રવૃત્તિને બળવતર બનાવનારા પરિવારોને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રાચીન સમયમાં દધીચી ઋષિએ કરેલું દેહદાન આપણે સૌ જાણીએ છીએ.

આપણી સંસ્કૃતિના આ ઉચ્ચતમ આદર્શોને આ અંગદાન પ્રવૃત્તિ આગળ ધપાવે છે એમ તેમણે કહ્યું હતું.

અંગદાન ક્ષેત્રે ગુજરાતની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગત વર્ષે ૬૭૦ જીવિત વ્યકિતઓ અને ૨૦૩ બ્રેઈનડેડ વ્યકિતઓના અંગોનું દાન કરાયું છે.જેનાથી ઘણા જરુરીયાતમંદોને નવજીવન મળ્યું છે. અંગદાન મેળવનાર પરિવારનો આનંદ અંગદાતા સ્વજનના મૃત્યુના દુઃખને દૂર કરે છે.

માનવજીવનને લગતા કોઈપણ કાર્યોમાં સાથે ઉભું રહેવું એ સરકારની અને આપણા સૌની ફરજ બને છે. અંગદાનની આ પ્રવૃત્તિમાં મીડિયા દ્વારા પણ જાગૃતતા લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તેમ કહી આ સહિયારા પ્રયાસોને મુખ્યમંત્રી શ્રી એ બિરદાવ્યા હતા.

રાજ્યમાં ૨૭૨ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યાન્વિત કરીને સરકારે કિડનીની તકલીફ ધરાવતા રાજ્યના દર્દીઓને વન સ્ટેટ વન ડાયાલિસિસ પ્રોગ્રામ અન્વયે બેસ્ટ ટ્રીટમેન્ટ મળી રહે તે માટેના સઘન પ્રયાસો હાથ ધર્યા છે. કેટલીક ગેરમાન્યતાઓના લીધે અંગદાન થતા અટકતા હોય ત્યારે આવા કારણો જાણી યોગ્ય સમાધાન થાય તો આ અંગદાનની પ્રવૃત્તિ વધુ વ્યાપક બનશે તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ અંગદાનથી મોટું કોઈ દાન ન હોય શકે તે ભાવથી આપણા સ્વજનના મૃત્યુ બાદ અંગદાન કરવા માટે સૌને સંકલ્પબદ્ધ બનવા અપીલ કરી હતી.

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે અન્નદાન , રકતદાન , ચક્ષુદાન કરતી આપણી ભારતીય સંસ્કૃતિમાં પ્રવર્તમાન સમયમા અંગદાન એ મહાદાન હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું ?

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા અંગદાન ક્ષેત્રે સરાહનીય કામગીરી કરવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ વર્ષ ના બજેટમાં પણ અંગદાન અને પ્રત્યારોપણના સેવાકાર્યને વેગ મળે તે માટે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મેડિકલ ટુરિઝમને વેગ મળે તે માટે અમદાવાદ સિવિલ મેડિસિટીની તર્જપર સુરત વડોદરા જામનગર અને ભાવનગર જિલ્લામાં સુપર સ્પેશિયલીસ્ટ હોસ્પિટલ અને મેડિસિટીનુ નિર્માણકાર્ય કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

રાજ્યમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટનુ વેઈટીંગ ઘટાડવા ઓર્ગન રીટ્રાઈવલ અને ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર જિલ્લા સ્તરે અને સરકારી ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં વધારવામાં આવી રહ્યા છે.



મન કી બાત અંતર્ગત આજ રોજ વોર્ડ -૧૦માં સેક્ટર -૭, શ્યામજી કૃષ્ણવર્મા પાર્ક ખાતે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જી નો લોકપ્રિય કાર્યક્રમ મન કી બાત ટેલિવિઝન માં બુથ નંબર ૧૩૫ માં નિહાળ્યો મ્યુનિસિપલ કાઉન્સિલર મહેન્દ્ર પટેલ (દાસ)સાથે મહામંત્રી શ્રી જયમીન વૈદ્ય, બુ: પ્રમુખ ક્રિષ્નાબેન રાજપૂત, , પ્રહલાદભાઈ પ્રજાપતિ તથા બુથ ના કાર્યકરો સાથે આ કાર્યક્રમ માં જોડાયા અને ચૂંટણી પંચ દ્વારા ચાલતી બુથ ની મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ની જાણકારી આપી

# ૩૩ જીલ્લા અને આઠ શહેરના કોંગ્રેસ પક્ષના સંગઠન પ્રમુખશ્રીઓની અગત્યની સંવાદ બેઠક

૩૩ જીલ્લા અને આઠ શહેરના કોંગ્રેસ પક્ષના સંગઠન પ્રમુખશ્રીઓની અગત્યની સંવાદ બેઠક આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, એ.આઈ.સી.સી.ના મંત્રી અને સંગઠન સહપ્રભારીશ્રી ઉષા નાયડુજી, શ્રી રામકિશન ઓઝાજી અને શ્રી બી.એમ. સંદીપજી ઉપસ્થિત રહ્યાં હતાં.શહેર-જીલ્લાના કોંગ્રેસ પ્રમુખશ્રીની 'સંવાદ બેઠક'માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પક્ષમાં કામ કરનારને મહત્વ મળશે.



નેતા આધારે નહિ પણ પક્ષની વિચારધારા માટે જે અસરકાર અને મજબૂતીથી કામ કરશે તેઓને મહત્વ અપાશે. કોંગ્રેસ પક્ષની વિચારધારાને વધુ લોકો સુધી પહોંચાડનારા માટે સ્થાનિક જનસંપર્ક મહત્વનો છે. વિવિધ ક્ષેત્રોમાં સ્થાનિક કક્ષાએ કામ કરનારને પક્ષમાં જોડીને મજબૂત કરવી સમયની માંગ છે.

મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતના સ્થાનિક પ્રશ્નોને લઈને જનતા મદદકર્તા કોંગ્રેસ સંગઠન અને જવાબદારી સાથે જવાબદારી પર તમામ કક્ષાએ જરૂરી છે જે તમામના સહયોગ થી સફળ બની. કામ કરશે તેને સંગઠનમાં મહત્વ રહેશે. કામ ના કરનારાને પદ છોડી દેવું જોઈએ. કામની વહેંચણી અને જવાબદારી નક્કી કરાશે. સામાજીક અને રાજકીય કાર્યક્રમ કરવા અને જેમાં વધુમાં વધુ લોકો જોડાય તે જરૂરી છે. દરેક પ્રભારીએ પ્રવાસ કરવાનું છે અને જે ચૂંટણી લડેલાઓને સક્રિય કરીને સંગઠનના કામમાં જોડવા પડશે. કોંગ્રેસ પક્ષના જુના માણસોને સક્રિય કરવા જરૂરી છે. બદલાવ દેખાશે, બદલવા માટે આપણે સૌએ તૈયારી રાખવી પડશે. તમામના યોગદાનથી એક પણ રૂપિયાના પ્રદેશ સમિતિ તરફથી ખર્ચ વિના- ગાંધી આશ્રમથી પદયાત્રા યોજાઈ જે તમામના સહયોગથી સફળ બની. આ તાકાત સંગઠન જિલ્લા / શહેર મજબૂતીથી કામ કરે, આવતીકાલે સંગઠનને મહત્વ મળશે. જે પક્ષના સંગઠનમાં સમય આપી ને કોંગ્રેસ માટે અસરકારક કામગીરી કરે છે તેઓની રાજકીય કારકિર્દીની ચિંતા પ્રદેશ કોંગ્રેસ કરશે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી કુલદીપ શર્મા, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તાએ સંગઠન લક્ષી માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, મહામંત્રીશ્રી નઈમ મિરઝા, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી મહત્વની સંવાદ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# એક પછી એક આગનીઘટનાઓ બાદ પણ હોસ્પિટલો અને વહીવટીતંત્ર ગુન્હાહીત બેદરકારી દાખવી રહી છે..



એક પછી એક આગની ઘટનાઓ બાદ પણ હોસ્પિટલો અને વહીવટીતંત્ર ગુન્હાહીત બેદરકારી દાખવી રહી છે. ભ્રષ્ટાચારી તંત્રની લાપરવાહીન

લીધે અનેક હોસ્પીટલોમાં ફાયરસેફ્ટીની વ્યવસ્થા માત્ર દેખાવ પૂરતી: ફાયરસેફ્ટીની મંજૂરીમાં પણ અનેક છીંડા-ગોઠવણો.

૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા ભોગવતી ભાજપાના શાસકોની ભ્રષ્ટ નીતિરીતિને કારણે નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે: ડૉ. મનિષ દોશી.

એક બાદ એક હોસ્પિટલમાં બનતી આગની ઘટનાઓના વચ્ચે રાજસ્થાન હોસ્પીટલમાં લાગેલ ભારે આગના કારણે તંત્રની લાપરવાહી -સુરક્ષા પ્રત્યે આંખ આડા કાનની નિતિ ખુલ્લી પડી હોવાના આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદની રાજસ્થાન હોસ્પીટલના બેઝમેન્ટમાં આગ લાગવાની દુર્ઘટના દુઃખદ છે. આગની ઘટનાને કારણે હોસ્પીટલોમાં દાખલ ૧૦૦ થી વધુ દર્દીઓ અને તેના પરિવારોમાં ભયની લાગણી પ્રસરી હતી. અગાઉ પણ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતની હોસ્પીટલોમાં આગની દુર્ઘટનાઓ સામે આવી હતી અને તેમાં પણ લોકોએ જીવ ગુમાવ્યા છે. છતાં સરકાર અને તંત્ર દ્વારા હોસ્પીટલોમાં ફાયરસેફ્ટી અંગે જે ગુન્હાહિત બેદરકારી દાખવવામાં આવી રહી છે તે ચિંતાનો વિષય છે. આગની ઘટનાઓ બાદ પણ હોસ્પિટલો બેદરકારી રાખે છે. આગ લાગ્યા બાદ પણ હોસ્પિટલો જાગતી નથી. લોકો સ્વસ્થ થવા માટે હોસ્પિટલમાં આવે છે, ત્યારે સ્વસ્થ થવાના બદલે લોકો આગમાં હોમાઈ જાય તે કેટલે અંશે વ્યાજબી છે? દુર્ઘટનાઓમાં જેમણે સ્વજન ગુમાવ્યા હોય તેને જ સાચુ દુઃખ ખબર હોય છે. સરકારે હોસ્પિટલોને લૂંટનું સાધન બનાવ્યું છે. અગાઉ શ્રેય હોસ્પિટલ સહિત અનેક હોસ્પિટલમાં માનવ જીંદગી હોમાવા છતા સરકાર જાગતી નથી, અમદાવાદની અગાઉની ૯ ઘટના બાદ પણ સરકાર સુધરવાનું નામ નથી લેતી. થોડા મહિના અગાઉ આજ હોસ્પિટલને લઈને સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. અગ્નિકાંડ બાદ પણ હજુ તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. રેસિડન્સમાં ગેરકાયદેસર હોસ્પિટલના સત્તાધીશોને તંત્ર છાવરે છે.અમદાવાદ, સુરત, જામનગર, રાજકોટ બાદ અમદાવાદની વધુ એક હોસ્પિટલમાં આગની ઘટના છતાં હજુ પણ ગેરકાયદેસર બાંધકામ કરેલા હોસ્પિટલમાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં ઊંઘી રહ્યું છે. તપાસનાં નામે નાટક જોવા મળી રહ્યો છે ત્યારે અકસ્માતો અને આગની દુર્ઘટનાઓ બની ગયા પછી કાગળ પર કામગીરી કરનાર વહીવટીતંત્ર નક્કર કામગીરી કરે તો જ દુર્ઘટનાઓને નિવારી શકાય અને મહામૂલી માનવ જીંદગી બચાવી શકાય.

# પત્રકાર એકતા પરિષદ નુ પાટણ જિલ્લાનુ અધિવેશન ચાણસ્મા ખાતે યોજાયું

સમગ્ર ગુજરાત રાજયમાં પ્રસરેલુ પત્રકાર એકતા પરિષદ નુ પાટણ જિલ્લાનું ૧૮ મુ અધિવેશન પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે આવેલ સુરાણી સંસ્કાર ભવનમાં યોજાયું હતુ જેમા મોટી સંખ્યામાં પત્રકાર એકતા પરિષદ ના પદાધિકારીઓ તેમજ સભ્ય શ્રી ઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો

અત્રે યોજાયેલ અધિવેશનને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી તેમજ તાજેતરમા સ્વર્ગસ્થ થયેલ પત્રકાર એકતા પરિષદના પાટણ જિલ્લા પ્રભારી પ્રહલાદ ભાઈ ચૌહાણ .તેમજ પાટણ ન્યુઝ ૨૪ ના તંત્રી રાજુભાઇ પટેલના પિતા શ્રી તેમજ મારો આવાજ ન્યુઝ ચાણસ્માના રિપોર્ટર ચેતન શાહના માતુશ્રીને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી ત્યારબાદ પત્રકાર એક્તા પરિષદના મંત્રી નિલેશભાઈ પાઠક દ્વારા પત્રકાર એકતા પરિષદની રૂપરેખા દર્શાવતા જણાવ્યું હતું કે પત્રકાર એકતા પરિષદની સ્થાપના ૨૦૧૯ મા ગાંધીનગર ખાતે ૪૫૦ જેટલા પત્રકારોની ઉપસ્થિતીમા થઈ હતી તેમજ પત્રકાર એકતા સંગઠન નુ નામ દરેક પત્રકારો દ્વારા સર્વાનુમતે રાખવામાં આવ્યુ છે. આ સંગઠન ૧૨ ઝોન મા વહેચાયેલુ છે તેમજ દરેક ઝોન માં જુદા જુદા દરેક પદાધિકારીની નિમણુક કરવામાં આવી છે તેમાં મહિલા સેલ. આઈ.ટી સેલ લીગલ વીંગની રચના કરવામાં આવી છે.

તેમજ પૂર્વ કેબીનેટ મંત્રી અને ચાણસ્માના પૂર્વ ધારાસભ્ય દિલીપજી



વીરાજી ઠાકોરે જણાવ્યું હતું કે મારા પરિવાર નું કામ વ્યસન મુક્તિ તેમજ ખોટા રસ્તે જતા માણસને અટકાવી સીધા રસ્તે લાવવાનું છે તેમજ હુ રાજકારણ ની સાથે સાથે કબીર સંપ્રદાયમા પણ માનું છુ તેથી મને જયારે મને પાર્ટી દ્વારા મત્સય ઉદ્યોગ ડિપાર્ટમેન્ટ આપવાની વાત આવી ત્યારે હુ કબીર સંપ્રદાયમા માનતો હોવાથી મે જીવહિંસા બાબતની પરમિશન હુ ન આપી શકુ તેમ ન હોઈ સ્પષ્ટ ના પાડી દીધી હતી અને બીજો ડિપાર્ટમેન્ટ સંભાળ્યો હતો તેમજ પત્રકાર એ સમાજનો અરીસો છે સરકાર દ્વાર કોઈક ખોટું કામ થતું હોય તો તેને અકાવવાની જવાબદારી સૌ પત્રકારોની છે

ત્યારબાદ પરમ પૂજ્ય માડી શ્રી ૧૦૦૮ શક્તિપીઠ સુરતના પીઠાધીશ દ્વારા આર્શીવચન આપતા જણાવ્યુ હતુ કે પત્રકાર દ્વારા શિયાળો ઉનાળો કે ચોમાસાની ઋતુમાં વિવિધ યાતનાઓ ભોગવી લોકોના પ્રશ્નો સરકાર શ્રી સુધી પહોંચાડવા માટે મદદરૂપ થાય છે તેમજ દરેક પત્રકારોને મા મેલડીના આર્શીવાદ છે પરમ પૂજ્ય માડી શ્રી દરેક સ્કુલોમાં જરૂરિયાતમંદ વિધાર્થીઓને સ્કૂલ બેગ તેમજ કપડા સહિત વિવિધ કીટો આપવામાં આવે છે ત્યારબાદ ચાણસ્માના નિડર . નિષ્ઠાવાન કર્મનિષ્ઠ તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર દ્વારા જણાવ્યુ હતુ કે જીવનમા જીવન કેટલું જીવ્યા તે મહત્વનું નથી હોતુ પણ કેવુ જીવ્યા તે મહત્વનુ છે મિડીયા એ આપણા દેશ નો ચોથો સ્તંભ છે પત્રકારો પણ કેટલાક ના ગુસ્સા નો ભોગ બને છે ત્યારે સત્યને ઉજાગર કરી બહાર લાવવાનું કામ પત્રકારો કરી રહ્યા છે ત્યારે ચાણસ્માના પત્રકારો કોઈની ધાકધમકી થી ડર્યા વિના પત્રકારત્વ કરી રહ્યા છે

તેમજ ઈન્ચાર્જ પ્રદેશ અધ્યક્ષ ગીરવાનસિંહ સરવૈયા દ્વારા જણાવ્યું હતું કે આપડુ સંગઠન એક પણ રૂપિયાનું દાન લેતુ નથી તેમજ તાજેતર મા ચાણસ્મા ના દેલમાલ ગામે બનેલી પત્રકાર પરના હુમાલાની ઘટનાને વખોડતા જણાવ્યુ હતુ કે જયારે પત્રકારો એક તાંતણે હોય ત્યારે સરકાર તેમજ કોઈ પણ અધિકારીએ ઝુકવુ પડે છે તેમજ આગામી સમયમા પાલિતણા ખાતે ૨૦૦૦ જેટલા પત્રકારો નું અધિવેશન કરવાનું જણાવ્યું હતુ

ત્યારબાદ પત્રકાર પરિષદના પ્રદેશ અધ્યક્ષ તેમજ સંગઠનના ભીષ્મ પિતામહ શ્રી લાભુભાઈ કાત્રોડીયા દ્વારા જણાવ્યુ હતુ કે પત્રકાર એકતા પરિષદમા દરેક જિલ્લામાં ૨૦૦ થી વધારે પત્રકારો જોડાયેલા છે તેમજ ગુજરાતમા ૧૨ ઝોનમા વહેંચાયેલું છે હવે પત્રકાર એકતા પરિષદ માટે અધિવેશન અધરુ નથી ચાણસ્મા ખાતે યોજાયેલ અધિવેશનમા નાના માં નાના પત્રકારે એ આપેલ યોગદાન નોંધવા જેવી બાબત છે તેમજ તેમણે પૂર્વ કેબીનેટ મંત્રી દીલીપજી ઠાકોરની સાદગીને યાદ કરતા જણાવ્યુ હતુ કે રાજકારણમા આવા સાદા તેમજ નિષ્ઠાવાન નેતાઓની જરૂર છે જો આવા માણસો રાજકારક મા આવે તો દેશ ની પ્રગતી થાય તેમજ સરકાર પત્રકારોની સુવિધા છીનવી રહી છે ત્યારે પત્રકારોએ એકતા કરવી જરૂરી છે જો સરકારની આંખ ઉઘાડવી હશે તો આપણે ચોકીદાર બનવું પડશે આપડા ટેક્ષમાથી સરકારની તીજોરી ભરાય છે પણ જયારે આ તીજોરી માથી લુંટ થતી હોય ત્યારે આપણે પત્રકારોએ જાગૃત થઈ તેને બહાર લાવવું પડશે અને છેલ્લે જણાવ્યુ હતુ કે આ સંગઠન તોડ પાણી વાળા પત્રકારોનુ સંગઠન નથી માટે સત્ય માટે ઝઝુમતા જાગૃત પત્રકારો ને જોડાવવા માટે દરવાજા ખુલ્લા છે પ્રજાને તેના પ્રશ્નો ઉજાગર કરવાની અપેક્ષા પત્રકારો પાસે હોય છે તેમજ આપણે આપણી ફરજ બજાવતી વખતે કોઈ પણ હુમલો કરે તો તેને સંગઠન દ્વારા ક્યારેય ચલાવી નહી લેવાય તેમ જણાવ્યું હતુત્યારબાદ કાર્યક્રમની આભારવિધિ મારો આવાજ ન્યુઝ ના ચાણસ્મા ના રિપોર્ટર ચેતન .એમ.શાહ દ્વારા કરવામાં આવી હતી તેમજ અત્રે યોજાયેલ અધિવેશન મા ૩૩ જિલ્લાના ૨૫૨ તાલુકાના પદાધિકારીયો તેમજ પત્રકારો મોટી સંખ્યામા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમજ ચાણસ્માની આયોજક ટીમને બીરદાવી હતી

# સેવા ગૃપ અમદાવાદ ના ૨૫૦ થી વધુ સભ્યો શ્રવણ સુખધામ સંસ્થાની મુલાકાતે...



## સંસ્થાના પ્રતિનિધિએ સેવા ગૃપ ના આયોજકો ને સન્માન કરી વધાવ્યા....

અરવલ્લી નાં અમુક સ્થળો વર્ષાૌત્રૃતુ માં જોવાનાં સ્થળો બની જતા હોય છે અરવલ્લી સા.કા ને વર્ષાૌત્રૃતુમા મીની કાશ્મીર તરીકે ઓળખવામાં આવે છે અહીં કુદરતે આપેલી બક્ષીસ એટલે અરવલ્લી ની ગીરીકંદરાઓ (ડુંગરો) ઝરણાં અને ધોધ પોળો ફોરેસ્ટ નાં જંગલો દૂર - દૂર ના સહેલાણીઓ પ્રવાસીઓ માટે નાં આનંદ દાયક સ્થળો બની ગયા છે તેમાં પણ શ્રવણ સુખધામ સંસ્થા ની બાંધણી બાગબગીચા જુનાજમાના ના ઉપયોગી સાધનો અને કુદરતી વનરાજી પણ એક પૃથ્વી ઉપરના સ્વર્ગ સમાન સ્થળ જોવા લાયક બની ગયું છે અમદાવાદ સેવા ગૃપના ૨૫૦ થી વધુ સભ્યો એ આ સ્થળની મુલાકાત લ?ઈ ને ભજન ભકિતભાવ અને પ્રસાદનો કુદરતને ખોળે લેવાનો સ્વખર્ચે એ આનંદ માણ્યો હતો આ ગૃપ અમદાવાદ થી રાજસ્થાન ના પ્રવાસે જ?ઈ રહ્યું હતું ત્યારે આ સ્થળ ની અવશય મુલાકાત લેવા રૂટ ને બદલી ને શ્રવણ સુખધામ સંસ્થાની મુલાકાત ગોઠવી હતી સેવાગૃપ સંસ્થાની પ્રવૃત્તિઓ નિહાળી અતિઆનંદ વ્યક્ત કર્યો હતો સાથે સાથે અબોલજીવ સેવા યજ્ઞમાં સાથ સહકાર આપી જોડાયા હતા સંસ્થાના પ્રતિનિધિએ ગૃપના આયોજક વડીલશ્રીઓ નું વિધિવત્ સન્માન કરી પક્ષીઘર ચણપાત્ર અને પાણીના કીડાઓ આપી સન્માનિત કરી આવકાર્યા હતાં....

રીપોર્ટ.. અહેવાલ.... હિરેન પ્રજાપતિ.. અરવલ્લી.સા.કા



હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત કથાના ચોથા દિવસે બપોર પછી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરતા જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના શ્રોતા યાત્રીઓ.



વિશ્વ હિંદુ પરિષદ બોટાદ જિલ્લાની વિસ્તૃત બેઠક આજ તા. ૨૯-૭-૨૩ ના રોજ મસ્તરામ મંદિર, બોટાદ ખાતે યોજવામાં આવેલ હતી. બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંતના બજરંગ દળના સહ સંયોજક શ્રી લાખાઆતા, પ્રાંતના બલોપાસના પ્રમુખ શ્રી મહેશભાઈ કણજરીયા, ભાવનગર વિભાગના વિભાગ મંત્રી શ્રી જગદીશભાઈ રૈયાણી, બોટાદ જિલ્લા અધ્યક્ષ શ્રી સતુભાઇ ધાધલ, જિલ્લા મંત્રી શશીકાંતભાઈ ગોહિલ જિલ્લા સહમંત્રી રાજુભાઈ જિલ્લા સહમંત્રી અમરીશભાઈ કોરડીયા તેમજ જિલ્લા ઉપાધ્યક્ષો તેમજ જિલ્લાની ટીમ તેમજ બરવાળા,ગઢડા,તથા વિછીયાની પ્રખંડ ટીમ, બજરંગ દળ સંયોજક શ્રી ભગીરથસિંહ વાઘેલા તથા બજરંગ દળ ટીમ તથા ગ્રામ સમિતિના સભ્યો, માતૃશક્તિ તથા દુગવાહિનીની બહેનો વગેરે ૬૦ જેટલા કાર્યકર્તાઓ હજર રહ્યા હતા. જિલ્લા વ્યાપક બેઠકમાં સર્વ સંમતિથી બોટાદ પ્રખંડ કાર્યકારી અધ્યક્ષ તરીકે નીતિનભાઈ વાઘેલાની નિમણૂક કરવામાં આવેલ હતી

અહેવાલ કનુભાઈ ખાચર



તા.૩૦-૭-૨૦૨૩ રવિવારે સવારે ૮-૩૦ થી ૧૨-૦૦ દરમ્યાન ૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન સમૂહમાં હરસિદ્ધિ એપાર્ટમેન્ટ,કે.કે.નગર રોડ ઘાટલોડિયા ખાતે અધિક શ્રાવણ માસ નિમિત્તે સૌ રહીશોના આરોગ્ય સુખાકારીના લાભાર્થે ગાયત્રી પરિવાર નારણપુરાના સહયોગ દ્વારા યોજવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞની પુર્ણાહુતી થયેથી સૌએ પ્રસાદ મિષ્ટાન્ન સાથે લીધો હતો ઉપસ્થિત રહેલા સૌને નિઃશુલ્ક ગાયત્રી મંત્ર લેખન નોટ બુક તથા ગાયત્રી ચાલીસા પાઠ આપવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.